# સન્નારી



# મહિલાઓ સ્વબચાવ કેવી રીતે કરે છે...?

**સ્ત્રીઓ પણ ટેલેન્ટેડ છે. તેઓ જવાબદારીપૂર્ણ કામો પણ બખૂબી કરી શકે છે એટલે સ્ત્રીઓ ઘરની બહાર નીકળીને જોબ કરવા લાગી છે. બિઝનેસ હેન્ડલ કરે છે. હવે એ જમાનો તો નથી રહ્યો કે, ઓફિસમાં બેસીને 7થી 8 કલાક ટેબલ વર્ક કરી સમય પર ઘરે પહોંચી જવું. ઓફિસ અને બિઝનેસનાં કામોમાં કલાકો ને કલાકોનો સમય આપવો પડે. સ્કૂલ અને કોલેજ ગર્લ્સ ઉચ્ચ શિક્ષણ મેળવે છે, તેઓ સારા માર્ક્સ મેળવવાના ઉદ્દેશ્યથી ટ્યુશન કલાસ જતી હોય છે. સ્કૂલ અને પછી ટ્યુશનને કારણે તેમને પણ ઘરે પહોંચવામાં મોડું થાય છે. ત્યારે ઘર સુધીની એકલા મુસાફરી કરવાને લઈને સ્ત્રીઓ, યુવતીઓ, કિશોરીઓને ડર લાગતો હોય છે. ન કરે નારાયણ રસ્તામાં કંઈક અજુગતું થઈ ગયું તો, કોઈ પુરુષ છેડતી કરશે તો પોતાની જાતને કઈ રીતે સલામત રાખવી? આ સવાલ મોટાભાગની યુવતીઓ અને કિશોરીઓને થતો હોય છે. તેઓ થોડા ડર સાથે ઘરે જવા નીકળે છે. જો કે સુરત તો સલામત, સુરક્ષિત શહેર ગણાય છે પણ અહીં પણ સ્ત્રીઓની છેડતીના કિસ્સા થાય જ છે. નાની બાળકીઓ પર દુષ્કર્મના કિસ્સા સુરતમાં થયા જ છે. આવી સ્થિતિને કારણે સ્ત્રીઓ માટે સેલ્ફ ડિફેન્સ શીખવું જરૂરી બની ગયું છે. ચાલો આપણે સુરતની કેટલીક યુવતીઓ અને સ્ત્રીઓને મળીને જાણીએ કે તેઓ સેલ્ફ ડિફેન્સ માટે શું કરે છે, તેઓ પોતાની સાથે સેફ્ટીની કઈ કઈ વસ્તુઓ રાખે છે? તેનાથી માહિતગાર થઈએ અને બીજી મહિલાઓને પણ આ બાબતે અવેર કરીએ...**



## હું ઇલેક્ટ્રિકલ એન્જિનિયર છું, અમારા શૂઝ મેટલના હેવી હોય જે સેફ્ટી માટે કામમાં આવે: અંકિતા રાણા



અંકિતા રાણા 34 વર્ષનાં છે. તેઓ વેસુમાં રહે છે અને વ્યવસાયે ઇલેક્ટ્રિકલ એન્જિનિયર છે. તેઓ એક મોટી કંપનીમાં જોબ કરે છે. જેમાં શિફ્ટ ચેન્જ થતી હોય છે. ક્યારેક વહેલી સવારે જોબ પર જવાનું હોય તો ક્યારેક નાઇટ શિફ્ટમાં પણ કામ કરવાનું હોય. તેમણે જણાવ્યું કે, ‘‘અમને ફીમેલ સ્ટાફને દર વર્ષે 8 માર્ચ ‘મહિલા દિવસ’ પર વર્કશોપમાં કરાટે અને સેલ્ફ ડિફેન્સ કઈ રીતે કરવું તે શીખવાડવામાં આવે છે. કરાટેમાં બ્લેક બેલ્ટ મેળવનાર આ સેશનમાં અમને પોતાનું રક્ષણ કઈ રીતે કરવું તેની પ્રેક્ટિકલ તાલીમ આપે છે.’’ અંકિતાબેને તેમની વાતોનો દોર આગળ વધારતાં કહ્યું કે, ‘‘હું પહેલા ગોપીપુરા વિસ્તારમાં રહેતી હતી અને ત્યારે હું નવી નવી જોબમાં જોડાઈ હતી. તે વખતે એક દિવસ અર્લી મોર્નિંગ હું ગોપીપુરાથી ચોક બસ પકડવા ચાલતાં ચાલતાં જતી હતી. એ વખતે સામેથી એક મોટરસાઇકલચાલક ભાઈ મારી પાસે આવીને મને કહેવા લાગ્યા ચાલો મારી બાઈક પર બેસી જાઓ હું તમને જ્યાં જવું હોય ત્યાં છોડી દઉં. એ ભાઈ મારો પીછો છોડતાં નથી એવું લાગ્યું એટલે મેં મારી ચાલવાની સ્પીડ વધારી અને એક ઘરનો દરવાજો ખુલ્લો દેખાતાં હું તે ઘરમાં ઘૂસી ગઈ અને ઘરના લોકોને સમગ્ર હકીકતની જાણ કરી. એ લોકોએ મને એ રીતે ટ્રીટ કરી જાણે હું તેમના ઘરની જ એક મેમ્બર છું. મને ઘરે પહોંચવામાં મોડું થવાનું હોય ત્યારે હું મારા ઘરના લોકોને મારું લાઈવ લોકેશન શેર કરું છું. કંપનીમાં નાઇટશિફ્ટમાં કામ કરવાનું હોય એટલે સાથે વ્હિસલ રાખવાની હોય. આ વ્હિસલ હું મારી પર્સમાં રાખું છું. હું ઇલેક્ટ્રિકલ એન્જિનિયર છું એટલે અમારી પાસે તો ટેસ્ટર હોય જ. અમારે ઇલેક્ટ્રિકલમાં કામમાં આવતું એક જાતનું સ્પ્રે પણ મારી પાસે છે. જે સામે વાળી વ્યક્તિ પર નાખવામાં આવે તો તેને જલન થાય અને આપણે એ દરમિયાન પોતાનો બચાવ કરી ત્યાંથી ભાગી શકીએ છીએ. અમારું સેફ્ટીનું મેઈન સાધન એટલે અમારા શૂઝ મેટલના હોય છે અને જોરદાર હેવી પણ હોય. એક એક કિલો વજનના આ શૂઝ અમે પહેરેલા હોય અને પછી જો એવું લાગે કે સામે કોઈ સંદિગ્ધ વ્યક્તિ કે બદમાશ વ્યક્તિ છે તો તેના પગ પર આપણો આ શૂઝ પહેરેલો પગ મૂકી દો તો સામેની વ્યક્તિના પગના હાલ તો ખરાબ થાય સાથે તે દર્દથી બરાડા પાડી ઊઠશે. હું મારા ઘરની આજુબાજુની છોકરીઓ અને મારા દીકરાને પણ ગુડ ટચ બેડ ટચ વિશે પણ શીખવાડું છું.’’

## સેફ્ટી માટે પર્સમાં પરફ્યુમ રાખું છું અને વાળમાં પોઇન્ટેડ હેર સ્ટીક લગાવું છું: ડૉ. હેતલ એન્જિનિયર



ડૉ. હેતલ એન્જિનિયર માને છે કે શંકાસ્પદ પુરુષોથી બચવા માટે આજની ફિમેલ્સે સેલ્ફ ડિફેન્સની બેઝિક ટ્રેનિંગ તો લેવી જ જોઈએ. તેઓ પોતે તેમના પર્સમાં પરફ્યુમ અને સ્પ્રે રાખે છે. અડાજણ વિસ્તારમાં રહેતાં 39 વર્ષીય ડૉ. હેતલ એન્જિનિયર આયુર્વેદિક ડોક્ટર છે. તેમના હસબન્ડ ગાયનેકોલોજિસ્ટ છે. તેમની પ્રાઇવેટ હોસ્પિટલ છે જેમાં ડૉ. હેતલ આયુર્વેદિક કન્સલ્ટન્ટ છે. તેમણે જણાવ્યું કે, ‘‘મેં સેલ્ફ ડિફેન્સના સ્પેશ્યલ કલાસ નથી કર્યા પણ મારામાં એટલી એલર્ટનેસ છે કે હું કોઈ પણ પ્રકારના ખતરામાં મારી જાતને પ્રોટેક્ટ કરી શકું. મારા પર્સમાં પરફ્યુમ અને સ્પ્રે બંને હોય છે. જો કોઈ પુરુષ બદઈરાદાપૂર્વક આપણી પર એટેક કરે તો પરફ્યુમનો સ્પ્રે તેની આંખમાં કરવાનો જેથી તેની આંખો ક્લોઝ થઈ જશે અને તે દરમિયાન આપણે ત્યાંથી સલામત રીતે છટકી શકીએ. મારા વાળમાં હેર સ્ટીક લગાવેલી હોય જે પોઇન્ટેડ હોય તેનાથી આપણી પર એટેક કરનારને આપણે ઇન્જર્ડ કરી શકીએ. મારી સાથે એક કિસ્સો થયો હતો હતો. હું 10મા ધોરણમાં હતી અને સાઇકલ પર ટ્યુશન જતી. જે રોડ પર હું સાઇકલ પર જતી તે રોડ થોડો આઇસોલેટેડ હતો. લોકોની અવરજવર ઓછી રહેતી. એક વાર એક માણસ મારો પીછો કરતો હતો. તેણે તો મને ટચ કરવાની કોશિશ પણ કરી હતી. પછી મેં સાઇકલ ઊભી રાખી અને જોરથી બરાડો પાડ્યો હું પોલીસને બોલાવીશ, લોકોને ભેગા કરી તને પોલીસના હવાલે કરીશ. હું ડરેલી તો હતી પણ ડર મારા ચહેરા પર હાવી નહીં થવા દીધો અને મોટેથી હેલ્પની બૂમો પાડતાં લોકો ભેગા થવા લાગ્યા અને તે માણસ ત્યાંથી ભાગી છૂટ્યો. આવી કોઈ સ્થિતિ આવે તો ભયભીત થવાને બદલે હિંમત અને સતર્કતાથી સામેવાળી વ્યક્તિનો સામનો કરશો તો તમે બચી શકશો. હું દરેક પેરેન્ટ્સને એટલું કહેવા માગું છું કે તમે તમારી દીકરીઓને ડાન્સ, ગરબા કલાસ કરાવો છો જ તો થોડું સેલ્ફ ડિફેન્સ કરતા પણ શીખવાડો ને. જેથી તમારી દીકરી નિર્ભય બની શકે. આજના સમયમાં સેલ્ફ ડિફેન્સની બેઝિક ટ્રિક શીખવી ખૂબ જરૂરી છે.’’



## કરાટે શીખી રહી છું, સ્કૂલ બેગમાં રાઉન્ડર (પરિકર) રાખું છું : દીપિકા નાહક



વેસુ વિસ્તારમાં રહેતી 19 વર્ષીય દીપિકા 12મા ધોરણની સ્ટુડન્ટ છે. તેણે જણાવ્યું કે, ‘‘પહેલાં હું બહુ ડરપોક હતી. મને લાગતું કે છોકરાઓ બહુ તાકતવર હોય છોકરીઓ એમનો સામનો નહીં કરી શકે. એમનો સામનો કરવો હોય તો છોકરીઓ સેલ્ફ ડિફેન્સની ટેક્નિક શીખે. મેં પણ પોતાને શારીરિક રીતે મજબૂત બનાવવા કરાટેનો સહારો લીધો. આજે હું એટલી મજબૂત બની ગઈ છું કે હું પોતાનું તો રક્ષણ કરવા સક્ષમ બની છું સાથે બીજાં બાળકોને પણ સેલ્ફ ડિફેન્સ માટે કરાટે શીખવાડું છું. મને ટ્યુશન કલાસ પત્યા પછી ઘરે પહોંચતાં રાતના 9 વાગી જાય છે અને હું તો બસમાં આવનજાવન કરતી હોઉં છું. એક વખતની વાત છે, હું ઘરે જતી હતી ત્યારે એક અંકલ મારી પાસે આવ્યા અને કહેવા લાગ્યા બેટા હું તને તું જ્યાં કહે ત્યાં ડ્રોપ કરી દઉં. મેં ખૂબ જ શાલીનતાથી ઉત્તર આપતા કહ્યું ના અંકલ હું જાતે ઘરે ચાલી જઈશ પણ એ અંકલ મને વારંવાર કહેવા લાગ્યા હું તને ડ્રોપ કરી દઉં. પછી મેં ઊંચા અવાજે કીધું તમને એક વખત ના પાડી તો સમજ નથી પડતી પછી હું સ્કૂલ બેગમાંથી કાંઈક કાઢવા ગઇ એટલે તે અંકલ સમજી ગયા આ છોકરી જબરદસ્ત છે અને પછી તે અંકલ ત્યાંથી ઊભી પૂંછડીએ ભાગ્યા. તમારી પર અચાનક અટેક થવાનો હોય તો તમારે એ રીતે બૂમ પાડવાની કે અવાજ કરવાનો કે તમારી પર અટેક કરનાર ડરી જાય. હું મારા વાળમાં હેરપિન લગાવું છું. જ્યારે કોઈ અટેક કરવા આવે ત્યારે તે હેર પિન એ વ્યક્તિના શરીરમાં ભોંકી દેવાની અને હું તો રાઉન્ડર (પરિકર) પણ રાખું છું એની નોક ધારદાર હોય એનાથી પણ તેના હાથપગ પર વાર કરી તમે તેની પકડમાંથી છટકી શકો છો. હેરપિન અટેક કરનાર વ્યક્તિની બે આંગળીઓ વચ્ચેની જગ્યામાં ભોંકવી જોઈએ એટલે અટેક કરનારની પકડ છૂટી જાય. મારી આર્થિક સ્થિતિ બહુ સારી નથી કે હું કરાટેના ક્લાસની ફી ભરી શકું એટલે રીટા મેડમ છે એ બાળકોને ફ્રીમાં કરાટે શીખવાડે છે એમની પાસે હું કરાટે શીખું છું. હું બીજી છોકરીઓને મેસેજ આપવા માંગું છું કે તેઓ પોતાના પર્સમાં પણ સેલ્ફ ડિફેન્સનાં સાધનો જેમ કે પેપર સ્પ્રે, મરચાંનો ભૂકો, બ્લેડ રાખી શકે. એનાથી પણ બચાવ થઈ શકે. કોઈ પુરુષના બદઈરાદાનો ખ્યાલ આવે તો છોકરીઓએ ગભરાવાનું નહીં પણ સતર્ક થઈ પોતાની સુરક્ષાની ટેક્નિક અપનાવવી જોઈએ.’’



## મેં પોતે પણ સેલ્ફ ડિફેન્સના કલાસ કર્યા છે અને હવે છોકરીઓને કરાટે, રાઇફલ, તલવારબાજી શીખવાડું છું: હિરલ સોની



હિરલબેન સિંગલ મધર છે. તેમણે સેલ્ફ ડિફેન્સ કઈ રીતે કરવું તેના કલાસ ભર્યા છે અને છેલ્લા ત્રણ મહિનાથી તેઓ દર રવિવારે અમરોલી અને કતારગામમાં છોકરીઓને કરાટે જેને સંસ્કૃતમાં નિયુદ્ધ કહેવાય છે તે શીખવાડે છે. આ ઉપરાંત લાઠી ચલાવતાં, રાઇફલ અને તલવારબાજી પણ શીખવાડે છે. અમરોલી વિસ્તારમાં રહેતાં 33 વર્ષીય હિરલબેન સોની બ્યૂટી સલૂન ચલાવે છે. તેમણે જણાવ્યું કે, ‘‘હું માતા-પિતા વિહોણી દીકરીઓને મેકઅપ, હેરસ્ટાઈલ, પેડી ક્યોર વગેરે ઝીરો ફીથી શીખવાડું છું. જ્યાં સુધી તે છોકરી બ્યૂટીપાર્લરનો આખો કોર્સ ના શીખી જાય ત્યાં સુધી હું તેમને ફી લીધા વગર શીખવાડું છું. હું મારા હસબન્ડથી અલગ થઈ ત્યાં સુધી ડરપોક હતી પછી મેં પોતાને મજબૂત કરવા સેલ્ફ ડિફેન્સનું પ્રશિક્ષણ લીધું. વિશ્વ હિન્દુ પરિષદની દુર્ગાવાહિની સાથે જોડાઈને હું બીજી છોકરીઓને સેલ્ફ ડિફેન્સનું પ્રશિક્ષણ આપી રહી છું. રવિવારે 3 થી 5 કતારગામ અને 8 થી 10 સુધી અમરોલીમાં સેલ્ફ ડિફેન્સનું પ્રશિક્ષણ આપું છું. હું છોકરીઓને તેમના હાથનો પંજો મજબૂત કરાવું છું. હાથને ટાયર સાથે પંચ કરવાના અને જમીન સાથે અફાળવાની પ્રેક્ટિસ કરાવું. આનાથી પંજો મજબૂત બને એટલે જો કોઈ પુરુષ બદઈરાદાથી આપણી પર અટેક કરે તો તેના ફેસ પર એક ઝાપટ મારી દો તેનું જડબું ફરી જશે. કોઈ અટેક કરે ત્યારે આપણે પર્સમાંથી સેફ્ટીનું સાધન શોધવા કે વિચારવા માટેનો સમય ના મળતો હોય એટલે પંજો જ સૌથી પહેલાં કામમાં આવે. સામેવાળાના નાક પર એક મુક્કો મારો એટલે તેનું નાકનું ટેરવું તૂટી જશે. જ્યારે કોઈ પુરુષ આપણી સ્ત્રીઓ સામે ખરાબ નજરથી એકીટશે જોતો હોય ત્યારે આપણે નજર ફેરવી લેવાની ના હોય આપણે કશું ખોટું કરતા નથી એટલે આપણે પણ તેની સામે જોવાનું પછી જો તે કોઈ બદકૃત્ય કરવા જાય તો એક ઝાપટ આપી દેવાની. તમારે પણ તેની સામે ત્યાં સુધી જોયા રાખવાનું જ્યાં સુધી ડરીને તે પોતાની નજર ના ફેરવી લે. હું તો મારા બ્યૂટી સલૂનમાં કામ કરતી છોકરીઓને ડેસ્ટિનેશન વેડિંગના કોન્ટ્રાક્ટ મળે તો ત્યાં રાત્રે કે વહેલી સવારે લઈ જવું પડે ત્યારે તેમને પોતાની સેફ્ટી કઈ રીતે રાખવી તે શીખવાડું જ છું અને ટ્રાવેલિંગ સમયે અમે સાથે સ્ટીક રાખીએ છીએ. હું મારા પર્સમાં સેફ્ટી માટે પેન જેવું ચપ્પુ રાખું છું. તમે લખવાની પેન પણ પોતાના સેફ્ટીના સાધન તરીકે રાખી શકો. જો કોઈ અટેક કરે તો તેને પેન ઘોંચી દેવાની. પેન પણ સ્ત્રીનું સેલ્ફ ડિફેન્સ માટેનું હથિયાર જ છે.’’

## હું એકલી રહું છું, 7 વર્ષથી બોડી બિલ્ડીંગ કરું છું એ જ મારી સેફ્ટી છે: મોનાઝ ભાટપોરિયા



મોનાઝબેન અવિવાહિત છે અને એકલા જ રહે છે પણ મજાલ છે કોઈની કે એમને છેડે. સાત વર્ષ એમણે જિમમાં પરસેવો પાડી બોડી બિલ્ડીંગ કર્યું છે. શારીરિક રીતે મજબૂત બનેલાં મોનાઝબેન જો કોઈને એક લાફો પણ મારી દે તો લાફો ખાનાર તમ્મર ખાઈને પડી જાય અને બે મિનિટ માટે તો ભાન ભૂલી જાય. ભાઠા હજીરા રોડ પર રહેતાં 41 વર્ષીય મોનાઝ ભાટપોરિયા એક પ્રાઇવેટ સ્કૂલમાં પ્રિન્સિપાલ છે. તેઓ 23 વર્ષથી ટીચિંગ ફિલ્ડમાં છે. 20 વર્ષ ટીચર રહ્યાં અને હવે છેલ્લાં ત્રણ વર્ષથી પ્રિન્સિપાલ છે. તેમણે જણાવ્યું કે, ‘‘મારી મોટી સિસ્ટરના મેરેજ થઈ ગયા છે. 2003માં મારા ફાધરનું હાર્ટ અટેકને કારણે નિધન થયું. પછી તો હું અને મમ્મી એકલાં જ રહેતાં હતાં. એક મહિના પહેલાં જ મારાં મધરનું પણ અવસાન થયું એટલે હવે તો હું એકલી જ છું. મારા ફાધરનું નિધન થયું ત્યારે તો હું 17 - 18 વર્ષની જ હતી. ઘરની આર્થિક સ્થિતિ સારી નહોતી અને મમ્મીની પણ દેખરેખ રાખવાની હતી. મેં નાની ઉંમરમાં જ જોબ સ્ટાર્ટ કરી હતી. ફાધરની છત્રછાયા નહોતી રહી તો શરૂઆતમાં તો લોકો મારા વિશે ગમે તેવી વાતો કરતા, મારી બુરાઈ કરી પણ પછી તો મેં મારી જાતને એટલી મજબૂત બનાવી કે કોઈની હવે હિંમત નથી થતી કે મારા વિશે આડુંઅવળું બોલે. મમ્મીના નિધન બાદ મેં ઘરમાં બધા જ રૂમ લોક કરવાનું રાખ્યું અને એક બાલ્કનીમાં ગ્રિલ નહોતી તે પણ લગાવી. આ રીતે ઘરમાં હું પોતાને સેફ રાખું છું. મેં સેલ્ફ ડિફેન્સનું પણ થોડું ઘણું પ્રશિક્ષણ મેળવ્યું છે. હું 7 વર્ષથી જિમમાં બોડી બિલ્ડીંગ કરું છું એટલે મારું બોડી સ્ટ્રક્ચર એટલું મજબૂત બન્યું છે કે કોઈ પણ પુરુષને મારી છેડતી કરવાની હિંમત નહીં થાય. હું છોકરીઓને સેલ્ફ ડિફેન્સ માટે પણ પ્રોત્સાહન આપું છું.’’

## ઓફિસેથી ઘરે જવા નીકળું એટલે મમ્મીને ફોન પર ઈન્ફોર્મ કરું : અદ્વૈતી પટેલ



24 વર્ષીય અદ્વૈતી પટેલ વેસુ વિસ્તારમાં રહે છે અને HR એક્ઝિક્યુટિવ તરીકે એક પ્રાઇવેટ ફર્મમાં જોબ કરે છે. તેમણે જણાવ્યું કે, ‘‘હું તો હોકી પ્લેયર રહી ચૂકી છું, ફૂટબોલ પણ રમતી હતી અને ઝૂડોનો અનુભવ પણ મેળવ્યો છે એટલે હું મારી સુરક્ષા બહુ સારી રીતે કરી શકું છું. અદ્વૈતીએ વધુમાં જણાવ્યું કે, મારા ઓફિસ અને ઘરનું અંતર 5 મિનિટનું જ છે. હા, કોઈ વાર ઘરે જવામાં મોડું થતું હોય છે એટલે હું ઓફિસેથી ઘરે જવા નીકળું એટલે મમ્મીને ફોન કરીને ઈન્ફોર્મ કરું છું કે હું ઓફિસેથી નીકળી રહી છું. મારા ઓળખાણમાં એક બેન છે તેઓ એક દિવસ બપોરના સમયે રસ્તા પરથી પસાર થતાં હતાં એ સમયે ત્રણ બદમાશ છોકરાઓએ તે બેનને હેરાન કરી હતી. તે બેને તો જોરજોરથી બૂમો પાડી લોકોની હેલ્પ માંગી. લોકો ભેગા થયા અને તે ત્રણ છોકરાઓને માર મારી ભગાડી મૂક્યા હતા. આ ઘટના ભરબપોરે થઈ હતી. જો કે મારી વાત કરું તો જો કોઈએ રસ્તે જતાં મને હેરાન કરી તો હું તો તરત પોલીસને બોલાવીશ. આમ તો હું હોકી અને ફૂટબોલની સારી પ્લેયર રહી છું એટલે હું તો શારીરિક રીતે ખૂબ મજબૂત છું. હું એક થપ્પડ મને છેડનારને મારીશ તો તે આખો હલી જશે. હું મારું પોતાનું સારી રીતે પ્રોટેક્શન કરી શકું છું. મારી પર્સમાં નાની ટોર્ચ પણ રાખું છું. જો કોઈ હેરાન કરે તો તેની આંખોમાં ટોર્ચનો પ્રકાશ ફેંકો એટલે તે અટવાશે અને તમે બચીને ત્યાંથી ભાગી શકો છો. મારા પર્સમાં વ્હીસલ પણ છે તેનો અવાજ કરીને પણ લોકોને ભેગા કરી શકાય છે.

**હજી પણ એવું જોવા મળે છે કે પેરેન્ટ્સ તેમની દીકરીઓને ડાન્સ અને ગરબાના કલાસમાં હોંશે હોંશે મોકલે છે પણ દીકરીઓને કરાટે કે ઝુડોના કલાસમાં મોકલવા માટે ઉત્સાહ નથી બતાવતાં. વળી, જ્યારે સ્ત્રીની ઉપર દુષ્કર્મ થાય ત્યારે અમુક સંસ્થાઓ કે વ્યક્તિઓ છોકરીઓને સેલ્ફ ડિફેન્સની ટ્રિક્સ શીખવાડવા આગળ આવે છે પણ જો તેઓ તેમની આ એક્ટિવિટી કન્ટીન્યુ રાખે તો ઘણી છોકરીઓ પોતાનું સ્વરક્ષણ કરવા સક્ષમ બનશે. આજના આધુનિક યુગમાં સ્ત્રીઓ ઉચ્ચ સ્થાનો પર પહોંચી છે પણ એમાંની કેટલીક સ્ત્રીઓ હજી પણ કોઈ પુરુષ એની સામે ખરાબ નજરે જુએ તો ડરી જાય છે, હિંમત કરીને એનો સામનો નથી કરતી. એને એવું લાગતું હોય કે સમાજ એવા સવાલ કરશે કે તારી સાથે જ કેમ આમ થયું. તેને સમાજ હિંમત આપવાના બદલે એનામાં જ કોઈ ખરાબી હશે એટલે પેલા પુરુષની હિંમત આટલી ખૂલી ગઈ કહેશે. તે સ્ત્રી આવા સવાલોથી બચવા તેની કોઈ છેડતી પણ કરી જશે તો ચૂપ રહેશે. આ જ માનસિકતાને કારણે બદમાશોની એટલી હિંમત ખૂલી છે કે તેઓ ભરબપોરે પણ બેખોફ સ્ત્રીઓની છેડતી કરે છે, તે માટે અચકાતા નથી. સ્ત્રીએ હિંમતવાન પણ બનવું પડશે અને પોતાનું સ્વરક્ષણ કરતા પણ શીખવું પડશે. વળી, કોઈ સ્ત્રીની છેડતી થતી હોય તો બીજા લોકોએ તમાશો જોવાને બદલે તે સ્ત્રીની છેડતી કરનારને સબક શીખવવા આગળ આવવું જોઈએ.**